**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી**
**ડી.એચ. ખંભાતી સાહેબ સમક્ષ મુ.અમદાવાદ.**
**રેફરન્સ(ટી) કેસ નં. ૧૮૬ /૨૦૨૦**

**આંક–૬**

**પ્રથમ પક્ષકારઃ–** (૧) **કોન્ટ્રાકટરશ્રી પઢાર છનાભાઈ જેરામભાઈ**
મુ.શીયાળ, તા.બાવળા, જી.અમદાવાદ.
(૨) **કોન્ટ્રાકટશ્રી, ભરવાડ લગધીરભાઈ ગગજીભાઈ**
ગામ–ગોલાણા, તા.ખંભાત, જી.આણંદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકારઃ–** **પઢાર રાજેશભાઈ અંબારામભાઈ**
મુ.શીયાળ, તા.બાવળા, જી.અમદાવાદ.
ગુજરાત કામદાર ઉત્કર્ષ યુનિયન,
કંસારા પોળ, જી.મહેસાણા.

-----------------------V-----------------------

પ્રથમ પક્ષકાર તરફે :– -----
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિ શ્રી એસ.એ. ઘાંચી

-----------------------------------------------

**–– :: હુ ક મ ::––**

૧) ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એક્ટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમઆયુક્તશ્રી, અમદાવાદે તેમના તા.૧૨–૦૩–૨૦૨૦નાં હુકમ ક્રમાંકઃ નાશ્રઆ / અવિ /વિભાગ–૪ / આઈ.ડી.આર . નં. ૩૦૪ વર્ષ–૧૯, ૭૦૦૭ થી મજુર અદાલત અમદાવાદને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

૨) સદર કામમાં બીજા પક્ષકારે આંક–૫ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે. આંક–૫ ની વિડ્રો પુરસીસનાં કથનો વંચાણે લેતાં, "અમો બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારો વચ્ચે નામદાર અદાલત બહાર વારંવારની વાટાઘાટોને અંતે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને અમો બીજા પક્ષકાર આ પ્રથમ પક્ષકારોને ત્યાં હવે વધુ નોકરી કરવા માંગતા ના હોઈ આ કામમાં માંગેલ પડેલા દિવસોનાં પગારની તથા નોકરીમાં પુનઃસ્થાપિત થવાની દાદ જતી કરીએ છીએ. જેથી આ કેસ અમો આગળ ચલાવવા માંગતા ના હોઈ આ કેસ આજરોજ પરત ખેંચીએ છીએ. " સદર કેસ આજરોજ વિડ્રો કરેલ હોઈ તેમને તે મુજબ પરવાનગી આપવામાં આવે છે તેમજ બીજા પક્ષકારની આંક–૫ થી રજુ પુરસીસ આધારે રેફરન્સ કેસ વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.** **( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**તા.૧૧/૧૨/૨૦૨૧.** **પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત, અમદાવાદ.**
**( જી.જે.૦૦૮૬૬)**